# શ્રી ચી. મં. ગ્રંથાલયના ૩૯મા સ્થાપના-દિવસ નિમિત્તે..

પરીક્ષિત જોશી

૧૯૦૫માં સ્વ.રણજિતરામ વાવાભાઈ મહેતાના પ્રયાસોથી ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના થઇ. ૧૧૨ વર્ષ જોઇ ચૂકેલી પરિષદે અનેક ઐતિહાસિક વળાંકોને જોયા, અનુભવ્યા છે. પરિષદ દર વર્ષે વિવિધ પારિતોષિકો દ્વારા સર્જક અને એના સર્જનને પોંખે છે.પરિષદ દ્વારા વિવિધ ૧૧ પ્રકાશનશ્રેણીઓ હેઠળ પુસ્તકપ્રકાશન પણ થાય છે. અત્યાર સુધીમાં ગુજરાતી સાહિત્યના ઇતિહાસ ખંડ-૧થી ૭ પ્રકાશિત થઈ ચૂક્યા છે. એ સિવાય ગુજરાતી સાહિત્યકોશના ત્રણ ભાગ પણ પ્રગટ થયેલા છે. પરિષદના ઉપક્રમે વિવિધ બાર વ્યાખ્યાનમાળાઓ અને કુલ ૬ સ્વાધ્યાયપીઠો કાર્યરત છે. ૧૯૬૦થી શરૂ થયેલું મુખપત્ર 'પરબ', જે ૧૯૭૬-૭૭થી માસિક સ્વરૂપે પ્રગટ થાય છે, એ દરેક પરિષદ-સભ્યને ભેટ તરીકે મળે છે.

**પરિષદનું પરિસર :** ૧૯૮૦ની વિજયાદશમીના રોજ સાબરમતી નદીના કિનારે, ગુજરાતી સાહિત્ય પરિષદ ભવનનું ૩૪૫૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું પરિસર તૈયાર થયું. જેમાં કુલ ૩૦૦ બેઠકો ધરાવતો રા. વિ. પાઠક સભાગૃહ, ગોવર્ધનસ્મૃતિ મંદિર, મેઘાણી જ્ઞાનપીઠ, મેઘાણી પ્રાંગણ, ઓપન-એર થિયેટર, ગુલાબદાસ બ્રોકર ખંડ—નરસી મોનજી ખંડ—ઈશ્વર પેટલીકર ખંડ-જયંતિ દલાલ ખંડ-રણછોડલાલ લલ્લુભાઈ ખંભાતી સ્મૃતિ ખંડ તથા બી. કે. મજૂમદાર અને બચુભાઇ રાવત પરિસંવાદ ખંડ તથા કાર્યાલય આવેલાં છે.

**પરિષદ ગ્રંથાલયની સ્થાપના :** ગુજરાતી સાહિત્ય પરિષદના ગ્રંથાલયની સ્થાપના તા. ૧૭ માર્ચ, ૧૯૮૦ના રોજ થઈ. જોકે એનું નામકરણ ત્રણ વર્ષ પછી તા. ૨૯ નવેમ્બર, ૧૯૮૩ના રોજ થયું. રૂ.૧,૧૭,૧૧૧ના પ્રારંભિક દાનથી શરૂ થયેલું ગ્રંથાલય અત્યારે ગુજરાત સરકાર દ્વારા જાહેર ગ્રંથાલય અને વિશિષ્ટ ગ્રંથાલયની માન્યતાપ્રાપ્ત છે.

**નામકરણ મહોત્સવ :** ગુજરાતી સાહિત્ય પરિષદના મુખ્ય ભવન, સભાગૃહ, સ્વાધ્યાયનિવાસ તથા ગ્રંથાલયના નામકરણનો એક પાંચ-દિવસીય મહોત્સવ ૧૯૮૩ના વર્ષમાં નવેમ્બરની ૨૫થી ૨૯ દરમિયાન યોજાયો હતો. તા. ૨૫ નવેમ્બરના દિવસે, મુખ્ય ભવનને શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી ભવન નામ આપતાં તત્કાલીન પરિષદપ્રમુખ શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'એ પરિષદના પહેલા પ્રમુખ ગો.મા.ત્રિપાઠીનું તર્પણ કર્યું હોવાની લાગણી વ્યક્ત કરી હતી. આ નામાભિધાન માટે શ્રી બળવંતભાઈ

પારેખે રૂ. ત્રણ લાખ અને બચુભાઈ રાવત સેમિનાર ખંડ માટે રૂ. પચાસ હજારની માતબર રકમનું દાન આપ્યું હતું. બીજા દિવસે, તા. ૨૬ નવેમ્બરના દિવસે, શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક સભાગૃહનું નામકરણ શ્રી નગીનદાસ પારેખે કર્યું હતું. ત્રીજે દિવસે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ચોથા દિવસે, તા. ૨૮ નવેમ્બરની સાંજે, મરાઠી સાહિત્યકાર શ્રી ગંગાધર ગાડગીલે સ્વાધ્યાય-નિવાસનું શ્રી મોહનભાઈ ઇશ્વરભાઇ પટેલ સ્વાધ્યાયનિવાસ નામકરણ કરતાં ગુજરાતીમાં પ્રવચન કર્યું હતું.

**પરિષદ ગ્રંથાલયનું નામકરણ :** પાંચ દિવસના મહોત્સવના છેલ્લા, પાંચમા દિવસે, તા. ૨૯ નવેમ્બરની સવારે, શ્રી ઉમાશંકર જોશીએ પરિષદના ગ્રંથાલયનું શ્રી ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય નામકરણ કરતાં કહ્યું હતું કે આજે મંગળવાર છે એટલે સર્વ રીતે મંગળ-પ્રભાત જ છે. પરિષદ-મંત્રી રઘુવીર ચૌધરીએ સ્વાગત વેળાએ પરિષદ ગ્રંથાલયને મળેલાં દાન અને તેના દાતા શ્રી અનુભાઈ ચીમનલાલને પરિષદના પ્રથમ અને શુકનવંતા દાતા ગણાવ્યા હતા. ગ્રંથપાલ પ્રકાશ વેગડે ત્રણ વર્ષ પહેલાં ગ્રંથાલયની શરૂઆત થઈ ત્યારથી આજદિન સુધીની ગ્રંથાલયની વિકાસયાત્રા રજૂ કરી હતી. પંદર હજારથી પણ વધુ પુસ્તકો, લગભગ તમામ ગુજરાતી સામયિકોની ફાઇલ્સ અને હસ્તપ્રતોથી સમૃદ્ધ ગ્રંથાલયથી સંતુષ્ટ શ્રી અનુભાઈએ પોતાના વક્તવ્યમાં આ પવિત્ર પ્રવૃત્તિમાં પોતાના કુટુંબની સહભાગી બનવા માટે મળેલાં સૌભાગ્ય બદલ ગૌરવ વ્યક્ત કર્યું હતું. જૈનોની ગુજરાતી સાહિત્યની સેવાનો અને જૈન મુનિઓની હસ્તપ્રતોની સાચવણીનો ઉલ્લેખ કરીને નામકરણવિધિ કરનારા શ્રી ઉમાશંકર જોશીએ આ ગ્રંથાલયની વિશિષ્ટ પ્રકારની કામગીરી પ્રત્યે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી વાડીલાલ ડગલીએ વ્યાપારી ગણાતા જૈનોને સારસ્વત ઉપાસનાને સરળ બનાવવાની પ્રવૃત્તિ તરફ વાળવા માટે બિરદાવ્યા હતા. તેઓએ પુસ્તકાલયપ્રવૃત્તિને મહત્ત્વની ગણાવવાની વાત પણ રજૂ કરી હતી. પરિષદ-પ્રમુખ શ્રી મનુભાઈ પંચોળીએ પાંચ દિવસના આ મહોત્સવનું સમાપન કર્યું હતું. શ્રી ચિમનલાલ ત્રિવેદીએ આભારવિધિ કરી હતી. પરિષદમંત્રી શ્રી કુમારપાળ દેસાઈએ આ પ્રસંગે ગ્રંથાલયનાં કબાટો માટે મળેલી રકમો અને તેના દાતાઓનાં નામ જાહેર કર્યાં હતાં.

**ચી.મં. ગ્રંથાલય, આજે :** ગ્રંથાલયમાં દર વર્ષે, મોટાભાગે સંશોધન કરતા વિદ્યાર્થીઓ ઉપરાંત સાહિત્યરસિક નાગરિકો નવા વાર્ષિક સભ્યો બનતા હોય છે. ગુજરાતી સાહિત્ય પરિષદના આજીવન સભ્યોને પરિષદ ગ્રંથાલયનું આજીવન સભ્યપદ પણ ‘પરબ’ સામયિકની જેમ ભેટ સ્વરૂપે મળે છે. છતાં પરિષદના લગભગ ચારેક હજાર આજીવન સભ્યોમાંથી અત્યારે ગ્રંથાલયના માત્ર ૮૯૧ જેટલા આજીવન સભ્યો નોંધાયેલા છે. દરેક સભ્યને એમનું ઓળખપત્ર લેમિનેશન કરી આપવામાં આવે છે. ત્રણ કર્મચારીઓ ધરાવતું ચી. મં. ગ્રંથાલય રવિવાર અને રાજ્ય સરકારની જાહેર રજાઓ સિવાય અઠવાડિયાના બધા જ દિવસો સવારે ૧૧થી સાંજના ૬ સુધી ખુલ્લું હોય છે. ગ્રંથાલયમાં ૮૦,૦૦૦ ઉપરાંત પુસ્તકો છે, જેમાં ૧૪૮૯ દુર્લભ પુસ્તકો, ૨૪૩ હસ્તપ્રતો, ૭૮ જેટલાં સાહિત્યિક સામયિકોની ફાઇલ્સ,

પ્રથમ આવૃત્તિનાં ઘણાંબધાં પુસ્તકો સંગૃહીત છે. ગ્રંથાલયમાં ઝેરોક્ષ મશીનની સેવા પણ કિફાયત દરે ઉપલબ્ધ છે. આજીવન સભ્યો વ્યક્તિગત પાસવર્ડ દ્વારા ઘરે બેઠાં ઇન્ટરનેટના માધ્યમથી પુસ્તકાલયની સંપૂર્ણ યાદી જોઈ શકે છે. એ માટે આ લિન્કનો ઉપયોગ કરી શકાય છે : http//gujaratisahityaparishad.com/library/

**ચી. મં. ગ્રંથાલયને ભેટ મળેલાં પુસ્તકો :** ગ્રંથાલયને ઘણાં પ્રખ્યાત સાહિત્યકારોએ પોતાનું અંગત પુસ્તકાલય અને એનાં પુસ્તકો ભેટ આપેલાં છે. એમાં સર્વશ્રી બાલુભાઈ પારેખ, નગીનદાસ પારેખ, ધીરુ પરીખ, અનંતરાય રાવળ, રમણલાલ જોશી, ચિમનલાલ ત્રિવેદી મુખ્ય છે. તો કેટલાંક સાહિત્યકારોએ અંગત પુસ્તકાલયનાં પુસ્તકો સહિત કબાટો પણ ભેટ ધર્યાં છે. જેમાં રા.વિ.પાઠકની અંગત લાયબ્રેરીનાં પુસ્તકો સહિત ૧૪ કબાટો, નિરંજન ભગતનાં પુસ્તકો સહિતનાં ૧૦ કબાટો અને રમણલાલ સોનીનાં પુસ્તકો સહિતનાં બે કબાટો ઉલ્લેખનીય છે. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાની રોજનીશીની હસ્તપ્રત ગ્રંથાલય પાસે છે. વિખ્યાત તસવીરકાર જગન મહેતા દ્વારા લેવાયેલી ૧૦૬ સાહિત્યકારોની તસવીરોનો સંગ્રહ પણ ગ્રંથાલય પાસે સુરક્ષિત છે. ગ્રંથાલયમાં સવાસો વર્ષ જૂનાં સંદર્ભપુસ્તકો અને અલભ્ય સામયિકો ઉપલબ્ધ છે જેનો સંશોધકો પોતાના સંશોધનકાર્યમાં વિશેષ ઉપયોગ કરે છે.

પરિષદ ગ્રંથાલયમાં હાલ જે ૮૦,૦૦૦ ઉપરાંત પુસ્તકો છે, એમની વિષયવાર વાત કરીએ તો વિજ્ઞાન-ગણિત-ખગોળના ૮૮૭, પ્રયોગવિજ્ઞાન-યંત્રઉદ્યોગનાં ૭૨, સ્વાસ્થ્ય-ઔષધ-ઉપચારનાં ૫૩૭, ઇજનેરીવિદ્યાનાં ૮૬, ભૌતિકી-ખેતીવાડીનાં ૧૦૦, ઘરસજાવટ-વાનગી-કૌટુંબિક જીવનનાં ૧૨૨, વ્યવસ્થા-જનસંપર્કનાં ૩૫, રસાયણ-ઇજનેરી-બળતણ-સફાઈનાં ૯, ઉત્પાદન-ટેક્ષટાઇલનાં ૭, ભવન બાંધકામનું ૧, સુશોભન કળા-સંગીત-નૃત્ય-ફિલ્મ-રમતો-સ્થાપત્ય-મકાનનાં ૮૨૧, સાહિત્યનાં ૨૮૦, અંગ્રેજી સાહિત્યનાં ૧૫૨૦, જર્મન સાહિત્યનાં ૧૩૦, ફ્રેન્ચ સાહિત્યનાં ૧૯૩, રૂમાનિયન સાહિત્યનાં ૨૯, સ્પેનિશનાં ૩૪, લૅટિનના ૫ં, અન્ય ભાષાઓ ગુજરાતી-હિન્દી-મરાઠીનાં ૬૫૩, સમગ્ર સાહિત્યનાં ૩૭૧૯૭, ગુજરાતી ભાષા-વિવેચનનાં ૪૦૯૫, કવિતાનાં ૧૧૦૯૯, નાટકનાં ૨૨૫૦, નવલકથાઓનાં ૧૨૩૫૮, નવલિકાનાં ૪૦૯૭, નિબંધનાં ૨૫૮૩, વ્યાખ્યાનોનાં ૧૬૩, પત્રોનાં ૧૬૩, હાસ્યનાં ૮૮૦, સાહિત્યકારોનાં જીવનચરિત્રોનાં ૩૫૮૯, ઇતિહાસ-ભૂગોળ-સહાયક વિષયોનાં ૧૪૭, પ્રવાસના ૧૦૦૧, કૌટુંબિક ઇતિહાસ-જીવનચરિત્ર-વંશાવળીઓનાં ૯૧૭, પ્રાચીન વિશ્વનો ઇતિહાસનાં ૬૯, યુરોપ-ફ્રેન્ચક્રાંતિ-નેપોલિયનના ૮૫, એશિયાનો ઇતિહાસનાં ૩૧૧૮, આફ્રિકાનો ઇતિહાસનાં ૨૪, ઉત્તર અમેરિકાનાં ૧૪, દ.અમેરિકાનાં ૩ અને વિશ્વ ઇતિહાસનું ૧ પુસ્તક સહિત અન્ય વિષયનાં પણ કેટલાંક પુસ્તકો સંગ્રહિત છે.

**મહિલા અને બાળપુસ્તકાલય :** બાળપુસ્તકાલયમાં બાળકોને નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવે છે. બાળકો માટે જ્ઞાન સાથે ગમ્મત તથા રમતગમતનાં સાધનો ઉપરાંત વિવિધ ૪૭ પ્રકારની બાળભોગ્ય સીડી-ડીવીડીનો સંગ્રહ પણ પરિષદ ગ્રંથાલય પાસે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રકારના ફિલ્મ-શોનું આયોજન કરી રહ્યા

છીએ. એ ઉપક્રમમાં ૨૬-૨-૨૦૧૮ના અમદાવાદ સ્થાપના દિવસ નિમિત્તે ડૉ. માણેક પટેલ 'સેતુ' દ્વારા તૈયાર કરવામાં આવેલી 'વેલકમ ટુ અમદાવાદ' ડોક્યુમેન્ટ્રીનો એક શો રાખવામાં આવ્યો હતો. મહિલા વિભાગ માટેની પ્રક્રિયા ચાલી રહી છે.

**વિદ્યાર્થી વાંચનાલય :** ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા વિદ્યાર્થીઓ નિરાંતે વાંચી શકે એ માટે પરિષદ ગ્રંથાલય પાસેના એક ખંડમાં વિદ્યાર્થી વાંચનાલયની વ્યવસ્થાનું આયોજન થઈ રહ્યું છે.

**ચી. મં. ગ્રંથાલયની તાજેતરની કામગીરી :** ગ્રંથાલય અને પ્રદર્શનમંત્રી તરીકેની જવાબદારી સંભાળ્યા પછી જાન્યુઆરીના છેલ્લા દિવસોમાં નવી કાર્યવાહક સમિતિ અને મધ્યસ્થ સમિતિની પહેલી બેઠક મળવાની હતી. જાન્યુઆરીની ૧લીથી ૨૭મી સુધીના દિવસોમાં ચી. મં. ગ્રંથાલયના ત્રણેય કર્મચારીઓ સાથે થયેલી ઔપચારિક વાતચીત-ચર્ચાઓ તથા પરિષદના પદાધિકારીઓનાં અનુભવ અને માર્ગદર્શનને આધારે કેટલાંક નક્કર કાર્ય થઈ શક્યાં. જેની ટૂંકી નોંધ ૨૮-૦૧-૨૦૧૮ની કાર્યવાહક સમિતિની બેઠકમાં વાંચી સંભળાવી હતી. જેમાંના અગત્યના મુદ્દાઓનો અહીં ઉલ્લેખ કર્યો છે :

પરિષદના ચી.મં.ગ્રંથાલયમાં ઈશ્યૂ થયેલાં પુસ્તકોને ઈમેઈલ સેવા દ્વારા રિન્યૂઅલની વ્યવસ્થા પણ છે. એ માટેનું ઈમેઈલ આઈડી છે : chimgranthalayagsp2018@gmail.com જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૧૦૦ ઉપરાંત પુસ્તકો ઈમેઈલ સેવા દ્વારા રિન્યૂઅલ થયાં છે. માર્ચ-૨૦૧૭થી જાન્યુઆરી-૨૦૧૮ સુધીના સમયગાળામાં રૂબરૂ અને ઈમેઈલથી કુલ ૧૫૧૮ પુસ્તકો ઈશ્યૂ અને ૧૪૪૯ પુસ્તકો રિટર્ન થયાં હતા. એ દૃષ્ટિએ સરેરાશ માસિક ૧૭૦ વાચક અને દૈનિક ધોરણે સરેરાશ પાંચ વાચક-મુલાકાતીઓ પુસ્તક માટે ગ્રંથાલયની મુલાકાત લે છે. ગ્રંથાલય-મુલાકાતીઓના નોંધણી-રજિસ્ટરમાં નામ-સહી સાથે મોબાઇલ નંબર (અને પછી ઈમેઈલ આઈડી)ની વિગતો નોંધવાનું શરૂ કરતાં એક ડેટાબૅન્ક તૈયાર થઈ રહી છે, જે આગામી સાહિત્યિક કાર્યક્રમો દરમિયાન એક સંપર્કસૂચિ તરીકેની ગરજ સારશે. દરરોજ સરેરાશ ૩૦ સાહિત્યપ્રેમી વાચકો ગ્રંથાલયની મુલાકાતે આવે છે.

ઓછા ખર્ચે વધુ અસરકારક ઉપયોગ થઈ શકે એ માટે વીજળી-વ્યવસ્થામાં પણ આમૂલ ફેરફાર કરીને શક્ય હોય ત્યાં વીજખર્ચ ઘટાડવાનું વલણ આપણે ધ્યાનમાં રાખી રહ્યાં છીએ. ગ્રંથાલયની આંતરિક વ્યવસ્થામાં પણ થોડી ફેરબદલ કરવાથી વ્યવસ્થા અને અનુકૂળતાની દૃષ્ટિએ ઘણાં સારા પરિણામ મળી રહ્યાં છે. જેમકે, પ્રવેશદ્વાર પાસેના બેય બાજુના સોફ્ટ ડિસ્પ્લે બોર્ડ ઉપર સાહિત્ય સમાચાર ઉપરાંત મધ્યસ્થના સન્માન્ય હોદ્દેદારો દ્વારા થયેલા સાહિત્યસર્જન વિષયક સામગ્રી પ્રદર્શિત કરી છે. બાળવિભાગની પાસે, ડિસ્પ્લે રેક્સમાં, સાહિત્યના તરોતાજા-પોંખાયેલા-ચર્ચિત-પ્રસિદ્ધ પુસ્તકોનું પ્રદર્શન કર્યું છે. મધ્યસ્થના સન્માન્ય સભ્યોના તાજેતરમાં પ્રકાશિત થયેલાં પુસ્તકોનું પણ એક પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે. એ સિવાય, સાંપ્રત ઘટનાને અનુસરીને જે-તે સર્જકના જન્મદિન કે સંસ્મરણ નિમિત્તે હંગામી પ્રદર્શન પણ કરવામાં આવી રહ્યાં છે. આ રેક્સમાં ગોઠવાયેલાં

બધાં જ પુસ્તકો વાચકોને તત્ક્ષણ ઇશ્યૂ કરવા શક્ય બને એમ સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થયેલાં હોય છે.

બાળવિભાગની અંદર, પરિષદ દ્વારા અત્યાર સુધીમાં થયેલાં પુસ્તક-પ્રકાશનોનો એક કાયમી પ્રદર્શન વિભાગ સહ સંદર્ભ-કૉપીરાઇટ-અદેય વિભાગ ઊભો કરવામાં આવ્યો છે. જેમાં હાલ કુલ ૧૪૪ પુસ્તકો પ્રદર્શિત કરેલાં છે. ગ્રંથાલય દ્વારા પુસ્તક ખરીદી અંગે ગુજરાતી ભાષાના દરેક જાણીતા પ્રકાશકને એક પત્ર લખી, એમના તદ્દન નવાં પ્રકાશિત પુસ્તકોની યાદી મંગાવવામાં આવી છે.

સામયિક રેક્સમાં પણ મહિલા, બાળ, સાહિત્યિક, કાવ્ય, વાર્તા, સાંપ્રત, કરિયર જેવા વિષય મુજબ વર્ગીકરણ કરીને ગોઠવવાની પ્રક્રિયા હાથ ધરી છે. અત્યારે ગ્રંથાલયમાં વિવિધ ભાષા અને વિષયનાં કુલ ૭૧ સામયિકોનાં લવાજમ ભરવામાં આવ્યાં છે. એ ઉપરાંત એટલાં જ સામયિકો ભેટ આવે છે. શાશ્વત ગાંધી, નિરીક્ષક, નયામાર્ગ, મમતા જેવાં સમાજ-સાહિત્ય-ભાષાની જિકર કરનારાં સામયિકો અત્યાર સુધી ભેટમાં આવતાં હતાં પરંતુ આ પ્રવૃત્તિઓ ટકી રહે, એ ઉમદા હેતુથી પરિષદ તરફથી એમનાં લવાજમ પણ ભરવામાં આવ્યાં છે. ગ્રંથાલયમાં વિવિધ ભાષાના કુલ વીસેક દૈનિકપત્રો આવે છે.

બાળવિભાગનાં પુસ્તકોની બાળભોગ્ય રહે એવી રીતે પુનઃગોઠવણી કરવામાં આવી છે. બાળપુસ્તકાલયમાં વિવિધ ૪૭ પ્રકારની બાળભોગ્ય સીડી-ડીવીડીનો સંગ્રહ પણ પરિષદ-ગ્રંથાલય પાસે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રકારના ફિલ્મ-શોનું આયોજન કરી રહ્યા છીએ. એ ઉપક્રમમાં ૨૬-૨-૨૦૧૮ના અમદાવાદ સ્થાપના દિવસ નિમિત્તે ડૉ. માણેક પટેલ ‘સેતુ’ દ્વારા તૈયાર કરવામાં આવેલી ‘વેલકમ ટુ અમદાવાદ’ ડોક્યુમેન્ટ્રીનો એક શો રાખવામાં આવ્યો હતો.

ચી. મં. ગ્રંથાલય વિશે કંઈ પણ સૂચન હોય તો ગ્રંથાલયમાં મૂકવામાં આવેલી સૂચનપોથીમાં નોંધ કરી શકાશે. સૂચન આપવા માટેનું ઇ-મેઇલ આઈડી પણ છે : metochimgsp18@gmail.com

**ચી.મં.ગ્રંથાલય સંદર્ભે આયોજનો :** તાજેતરમાં ગ્રંથાલયને રાજ્યનાં ૧૦ વિશિષ્ટ ગ્રંથાલયોમાંનું એક હોવાનું સન્માન અને ગ્રાન્ટ મળતાં, ચી. મં. ગ્રંથાલયનું ડિઝિટલાઇઝેશન, કમ્પ્યૂટરાઈઝેશન અને મૉડર્નાઇઝેશન કરવાનો પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો છે. ગ્રંથાલયમાં મહિલા વિભાગ ઉપરાંત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંદર્ભે વિદ્યાર્થીઓ માટે એક અલાયદા વાંચનાલયની વ્યવસ્થા થઈ રહી છે. ચી. મં. ગ્રંથાલયના ઉપક્રમે દર મહિને વિદ્યાર્થીઓને ઉપયોગી નીવડે એવી ફિલ્મ બતાવવાનો એક કાયમી કાર્યક્રમ કરવાનું આયોજન છે. તદ્ઉપરાંત એમના માટે વાંચન-પઠન, વાર્તાગોષ્ઠી, ચિત્રસ્પર્ધા, નાટ્યપ્રયોગ, પુસ્તકમેળા જેવા કાર્યક્રમો કરવાનું પણ આયોજન છે. એમાં ક્રમશઃ ગુજરાતભરની શાળાઓને સામેલ કરવાનો વિચાર છે. ચી.મં.ગ્રંથાલયના ઉપક્રમે વિવિધ વિષયના નૂતન-ચર્ચિત-વિશિષ્ટ પુસ્તકો વિશે દર મહિને એક પુસ્તકચર્ચા-વાર્તાલાપ-વ્યાખ્યાનશ્રેણીના આયોજનનો પણ વિચાર છે. ચી. મં. ગ્રંથાલયના સ્થાપના-દિવસ નિમિત્તે ૧૭-૩-૨૦૧૮ના રોજ આ વ્યાખ્યાનશ્રેણીનો શુભારંભ કરવાનું આયોજન છે.